FILE NO : COS/MIS/e-file/276/2025/1164/SECONDARY

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેક્ટર ૧૯, ગુ.રા. ગાંધીનગર.

**પ્રતિ,**
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ.

**વિષય :** અધિકારી/કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા અંગેના નાણાવિભાગનાં તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવ બાબત.

**સંદર્ભ** : અત્રેનો પત્રાંક : માધ્ય/જુ.પે.યો./૨૦૨૫/૪૮૭૧, તા.૦૮/૦૫/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, નાણાવિભાગ, ગાંધીનગર દ્વારા તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ–૬૪૦/પી થી અધિકારી/કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા અંગે વહીવટી વિભાગ/ખાતાના વડાએ અધિકારી/કર્મચારીની પાત્રતા અંગે પુરતી ચકાસણી કરી વિગતવાર હુકમો કરવાના રહેશે તેવી સૂચના આપવામાં આવેલ છે.

જેથી નાણાં વિભાગ, ગાંધીનગરના તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવ અન્વયે બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં કર્મચારીઓ પુરતા જુની પેન્શન યોજનામાં સમાવવા અંગેના હુકમો કરવાની સત્તા જિલ્લા શિક્ષણાધિકારીને આપવા અંગેની મંજૂરી આપવા હેતુ અત્રેથી સંદર્ભદર્શિત પત્રથી શિક્ષણવિભાગ, ગાંધીનગરને દરખાસ્ત રજુ કરેલ છે. જે ધ્યાને લેશો.

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

Signature Not Verified
Signed by:Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2025.05.15 15:41:16 +05:30

File No: COS/MIS/e-file/276/2025/1164/SECONDARY
Approved By: Joint Director,SECONDARY,COS

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*